# ગાલિબનું જીવન

## ગાલિબના પૂર્વજો

અઢારમી સદીના આખરી દાયકામાં મુગલ સામ્રાજ્યની પડતીના દિવસો હતા. દિલ્હીના બાદશાહનું રાજ્ય લાલ કિલ્લા પૂરતું મર્યાદિત હતું અને દિલ્હીની સુરક્ષા મરાઠાઓના હાથમાં હતી. અંગ્રેજોનો પ્રભાવ ધીમેધીમે હિંદુસ્તાનભરમાં વિસ્તરી રહ્યો હતો. દિલ્હીની ગાદી ઉપર બાદશાહ શાહઆલમ બેઠા હતા.

શાહઆલમના સમયમાં ગાલિબના દાદા કૌકાનબેગખાં સમરકંદથી હિંદુસ્તાન આવ્યા હતા. તેઓ સલ્જુક તુર્ક હતા.[1] પહેલાં લાહોરમાં અને પછી લશ્કરી અમલદાર તરીકે મુગલ બાદશાહ શાહઆલમની સેવામાં રહ્યા હતા. તેમને પહાસૂની જાગીર પણ મળી હતી. તેમનાં સંતાનોમાં અબદુલ્લાખાં બેગ અને નસરુલ્લાખાં બેગ ઉપરાંત બીજાં પુત્ર-પુત્રી પણ હતાં.

કૌકાનબેગના મૃત્યુ પછી પહાસૂની જાગીર જતી રહી. ગાલિબના પિતા અબદુલ્લાખાં બેગ લખનઉ જઈને આસફઉદ્દૌલાની નોકરીમાં રહ્યા. થોડોક વખત પછી ત્યાંથી નીકળીને હૈદરાબાદ જતા રહ્યા. ત્યાં પણ વધારે સમય રહ્યા નહીં અને અલવરના રાજા બખ્તાવરસિંહની સેવામાં રહ્યા. 1802માં ગઢીના જમીનદારોનો બળવો દબાવવા મોકલેલી ટુકડીમાં અબદુલ્લાખાં બેગ પણ હતા. અચાનક ગોળી વાગવાથી તેમનું મૃત્યુ થયું. અલવરના રાજાએ અબદુલ્લાખાં બેગના પુત્રો માટે થોડીક જમીન અને પેન્શનની વ્યવસ્થા કરી હતી.

અબદુલ્લાખાં બેગ લશ્કરી નોકરીમાં હતા અને એમનું કોઈ સ્થાયી ઠેકાણું કે ઘર ન હતું. એટલે ગાલિબની માતા ઇજ્જતઉન્નિસા આગરામાં પિતાના ઘરમાં રહેતા. ઇજ્જતઉન્નિસાના પિતા ખ્વાજા ગુલામહુસેનખાં આગરાના પ્રતિષ્ઠિત લશ્કરી અમલદાર હતા. તેમની પાસે ઘણી સંપત્તિ હતી.

અબદુલ્લાખાં બેગને ત્રણ સંતાન હતાં. મિર્ઝા અસદુલ્લાખાં, મિર્ઝા યુસૂફખાં અને સૌથી મોટી ખાનમ. મિર્ઝા અસદુલ્લાખાં ઉર્ફે ગાલિબનો જન્મ ઈ. સ. 1797ની 29 ડિસેમ્બરે આગરામાં તેમના મોસાળમાં થયો હતો.[2] તેમનું મૂળ નામ અસદુલ્લાહખાં બેગ હતું, પરંતુ, ‘ગાલિબ’ના તખલ્લુસથી તેઓ ઉર્દૂ શાયર તરીકે પ્રખ્યાત થયા. તેઓ મિર્ઝા નૌશા તરીકે પણ જાણીતા હતા. પાંચ વરસની ઉંમરે ગાલિબના પિતાનું મૃત્યુ થયા પછી કાકા નસરુલ્લાખાંએ ગાલિબ અને તેમનાં ભાઈબહેનની કાળજી લીધી હતી.

લોહારુના નવાબ અહમદબખ્શખાંની બહેન સાથે નસરુલ્લાખાંની સગાઈ થઈ હતી. તેમને ફિરોઝપુર ઝિરકાની જાગીર અંગ્રેજો પાસેથી અને લોહારુની જાગીર અલવરના રાજા પાસેથી મળી હતી. અહમદબખ્શખાંને લૉર્ડ લેક સાથે મિત્રતા હતી. તેમની ભલામણથી નસરુલ્લાખાંને અંગ્રેજ સેનામાં ઊંચા પગારે રિસાલદાર તરીકે ભરતી કરવામાં આવ્યા હતા. નસરુલ્લાખાંએ પોતે હોલકરના સૈનિકો પાસેથી છીનવી લીધેલાં બે પરગણાં પણ લૉર્ડ લેકે નસરુલ્લાખાંને આપી દીધાં હતાં. તેની આવક વરસે દોઢ લાખ જેટલી હતી.

ઈ. સ. 1806માં એક લડાઈમાં હાથી પરથી પડી જવાથી નસરુલ્લાખાનું મૃત્યુ થયું. લૉર્ડ લેકે નસરુલ્લાખાંની જાગીર નવાબ અહમદબખ્શખાંને આપી અને નસરુલ્લાખાંના વારસદારોને ₹10,000નું પેન્શન ઠરાવી આપ્યું.

## બાળપણ અને શિક્ષણ

કાકાનું મૃત્યુ થતાં ગાલિબ મોસાળમાં આવી ગયા. મોસાળમાં ઘણી સમૃદ્ધિ હતી. ગાલિબના નાનાની જાગીરમાં કેટલાંક ગામ હતાં અને આગરા શહેરમાં ઘણી મોટી જાયદાદ હતી. આગરામાં મોટી નામના હતી. એટલે, ગાલિબનું બાળપણ મોજમસ્તીમાં અને એશઆરામમાં વીત્યું. શરૂઆતમાં પતંગ, શતરંજ અને જુગારનો શોખ હતો, તે ધીમેધીમે લત બન્યો.

ગાલિબનાં માતા શિક્ષિત હતાં અને ગાલિબને ઊંચા દરજ્જાના વડીલોની સોબત હતી, છતાં નિયમિત શિક્ષણ ન મળ્યું. જ્યોતિષ, તર્ક, દર્શન, સંગીત અને રહસ્યવાદનો કંઈક પરિચય થયો. ત્યારના પ્રખ્યાત વિદ્વાન મૌલવી મોહમ્મદ મુઅજ્જમ પાસેથી ફારસી શીખ્યા. તીવ્ર ગ્રહણશક્તિ હોવાથી બહુ થોડા સમયમાં 'જહૂરી' વગેરે ફારસી કવિઓનો જાતે અભ્યાસ કરવા લાગ્યા.

એક પત્રમાં ગાલિબે લખ્યું છેઃ “મેં અભ્યાસના દિવસોમાં 'માત-એ-આમિલ'ની ટીકા સુધી અભ્યાસ કર્યો. તે પછી ખેલકૂદ અને ભોગવિલાસમાં લાગી ગયો. ફારસી ભાષા ઉપર પ્રેમ અને શેર-શાયરીમાંથી મળતો આનંદ કુદરતી અને સ્વાભાવિક હતો.”[3]

ઈ. સ. 1810-11માં ઈરાનથી મુલ્લા અબ્દુસ્સમદ આગરા આવ્યા હતા. તેઓ મૂળ જરથોસ્તી ધર્મના અનુયાયી હતા અને તેમનું નામ હોરમુજ્દ હતું. પછીથી તેમણે ઇસ્લામનો સ્વીકાર કર્યો હતો.[4] તેઓ ફારસીના વિદ્વાન હતા અને અરબીના જાણકાર હતા. ગાલિબને તેમની સોબતમાં ફારસીનું ઊંડું શિક્ષણ મળ્યું. મૌલાના હાલીએ લખ્યું છે કે મિર્ઝાએ ઠેકઠેકાણે તેમના શિષ્ય હોવા માટે પોતાના લખાણમાં અભિમાન દેખાડ્યું છે અને તેમને હજરત જેવા શબ્દથી યાદ કર્યા છે.

ગાલિબ જ્યાં રહેતા હતા તે વિસ્તાર ફારસી શિક્ષણનું કેન્દ્ર હતો. એ વાતાવરણનો લાભ ગાલિબને મળ્યો અને ફારસી ઉપરનો કાબૂ વધ્યો. એક તરફ અભ્યાસ હતો તો બીજી તરફ પતંગ, શતરંજ અને જુગારની કુટેવોથી પીછો છૂટ્યો ન હતો. યુવાનીનો જોશ અને વડીલોની હાજરી ન હોવાને લીધે ગાલિબને બંને બાજુના ખેંચાણનો સામનો કરવો પડ્યો.

## શાયરીની શરૂઆત

ગાલિબને બાળપણથી જ શેર-શાયરીનો શોખ હતો. દસ-અગિયારની ઉંમરથી શેર કહેવાનું શરૂ કરી દીધું હતું. શરૂઆતમાં તેઓ 'બેદિલ' અને 'શૌકત' અને 'અસીર'ની શૈલીમાં લખતા હતા એનો પોતે જ ઉલ્લેખ કર્યો છે. કહેવાય છે કે એક વાર કોઈએ ગાલિબના શેર પ્રખ્યાત ઉર્દૂ શાયર મીર તકી 'મીર'ને સંભળાવ્યા હતા, ત્યારે 'મીરે' કહ્યું હતું:

> *"જો આ છોકરાને કોઈ યોગ્ય ઉસ્તાદ મળી ગયો અને તેણે આને સીધા રસ્તે ચડાવ્યો તો એ લાજવાબ શાયર બની જશે, નહીંતર નિરર્થક બકવાસ કરતો રહેશે."*[5]

જોકે ઉસ્તાદની મદદ વગર પણ ગાલિબ આપમેળે પ્રખ્યાત શાયર બની ગયા.

## લગ્ન અને દિલ્હીમાં વસવાટ

ગાલિબની તેર વરસની ઉંમરે લોહારુના નવાબ અહમદબખ્શખાંના નાના ભાઈ મિર્ઝા ઇલાહીબખ્શખાં 'મારુફ'ની પુત્રી ઉમરાવ બેગમ સાથે 9 ઑગસ્ટ 1810ના રોજ ગાલિબનાં લગ્ન થયાં. પોતાનાં લગ્ન વિશે ગાલિબે એક પત્રમાં લખ્યું છે:

> *"7 રજ્જબ 1225 હિજરી. મારા માટે કાયમી કેદનો હુકમ જારી થયો. એક બેડી મારા પગમાં નાખી દીધી અને*

*દિલ્હી શહેરને કેદખાનું ઠરાવવામાં આવ્યું અને મને આ કેદખાનામાં પૂરી દીધો.”[6]*

લોહારુ ખાનદાન અને ગાલિબના કુટુંબની તુલના થઈ શકે એમ ન હતું. ઇલાહીબખ્શખાંનો વૈભવ મોટો હતો. ગાલિબનું વ્યક્તિત્વ આકર્ષક હતું અને તેમના બાપદાદા સૈનિક હોવાથી, ઇલાહીબખ્શખાંને ગાલિબ વિશે આશા રાખવા જેવું લાગ્યું હશે.

સાત વરસની ઉંમરથી ગાલિબ દિલ્હી આવતા-જતા હતા. લગ્નનાં બે ત્રણ વરસ પછી તેઓ દિલ્હી આવીને રહ્યા. એ પછીનું લગભગ આખું જીવન તેમણે દિલ્હીમાં અને તે પણ એક જ વિસ્તારમાં વિતાવ્યું. ગાલિબના પિતા ઘરજમાઈ હતા, એટલે મા આગરામાં રહી હતી. દિલ્હી આવ્યા પછી પણ મા ગાલિબને મદદ કરતી રહી હતી. જોકે પછી ધીમેધીમે મોસાળ સાથેનો સંબંધ ઓછો થતો ગયો અને છેવટે બિલકુલ સંબંધ ન રહ્યો.

ઇલાહીબખ્શખાં ચરિત્રવાન અને ધર્મનિષ્ઠ હતા. તેઓ સારા કવિ હતા અને ‘મારુફ’ તખલ્લુસ રાખતા હતા અને શેખ ઇબ્રાહિમ ‘જૌક’ના શિષ્ય હતા. એમને ત્યાં સૂફી સંતો અને શાયરોનો મેળાવડો રહેતો. ગાલિબે એની અસર અનુભવી હશે અને તસવ્વુફ (અધ્યાત્મ)નો પરિચય કર્યો હશે એવું જણાય છે.

ગાલિબમાં કવિની પ્રતિભા જન્મજાત હતી. શરૂઆતમાં દિલ્હીનો રંગ લાગ્યો ન હતો. પછીથી મૌલવી ફઝલહક ખૈરાબાદી સાથે મુલાકાત થઈ અને ગાલિબના વ્યક્તિત્વને નવો વળાંક મળ્યો. મૌલવી ફઝલહક ધર્મ અને સાહિત્યના ઊંડા અભ્યાસુ હતા અને કવિતાની પરખ કરનારા હતા, તેથી બંને વચ્ચે ઊંડી મિત્રતાનો સંબંધ બંધાયો.